# બોલુંદરાની શ્રી કૃષ્ણાશ્રમ વૈદિક પાઠશાળાના છાત્રો પૂનાની વેદશાસ્ત્રોક્ત સભામાં ઝળકયા

## શુક્લ યજુર્વેદ માધ્યન્દીની સંહિતામાં ઉત્કૃષ્ટ દેખાવ કરી ગૌરવ વધાર્યું

મોડાસા, તા.૩૦

અરવલ્લી જિલ્લામાં મોડાસા તાલુકાના બોલુંદરાના શ્રી કૃષ્ણાશ્રમમાં કાર્યરત જિલ્લાની અગ્રેસર એકમાત્ર વૈદિક પાઠશાળાના છાત્રો પુના ખાતે વેદશાસ્ત્રોત્તેજક સભામાં શુક્લ યજુર્વેદ માધ્યન્દીની સંહિતામાં



ઉત્કૃષ્ટ પરિણામો હાંસલ કરીને ગૌરવ કર્યું છે.

જેમાં પ્રથમ શ્રેણીમાં માનવ પુરોહિત, વિકાસ ચોબીસા બન્ને ૯૫ ટકા સાથે અને ચોબીસા ગર્વિત ૯૨ ટકા સાથે પ્રથમ શ્રેણીમાં ઉત્તીર્ણ થઈ ગૌરવ વધાર્યું છે.

જયારે યજુર્વેદ માધ્યન્દીની શુક્લ યજુર્વેદમાં સંહિતા અધ્યાય ૨૪ થી ૪૦ માં હિતેશ જોશી ૯૨ ટકા સાથે પ્રથમ શ્રેણી અને જય ચોબીસા ૭૮ ટકા સાથે દ્વિતીય શ્રેણીમાં ઉત્તીર્ણ થઈ ગૌરવ વધાર્યું છે. જયારે શુક્લ યજુર્વેદમાં કૃષ્ણનાનંદ ભટ્ટ ૭૮ ટકા સાથે દ્વિતીય શ્રેણી, શૈલેષ ત્રિવેદી ૭૨ ટકા સાથે દ્વિતીય શ્રેણીમાં અને શુક્લ યજુર્વેદ મધ્યાયીની સંહિતા અધ્યાય ૧ થી ૧૦ માં શ્રીધર ભટ્ટ ૬૫ ટકા સાથે દ્વિતીય શ્રેણી, ચૈતન્ય જોશી ૬૦ ટકા સાથે દ્વિતીય શ્રેણી, અભિષેક જોશી ૫૮ ટકા સાથે તૃતીય શ્રેણી, શિવમ વ્યાસ ૫૪ ટકા સાથે તૃતીય શ્રેણી અને ઋષિ ત્રિવેદી ૫૨ ટકા સાથે તૃતીય શ્રેણીમાં ઉત્તીર્ણ થઈ બોલુંદરા વૈદિક પાઠશાળા, અરવલ્લી જિલ્લો અને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. તમામ છાત્રોને અગ્નિહોત્રી પૂ. આત્રેયભાઈ વ્યાસ અને આચાર્ય અને વિધાગુરુઓએ અભિનંદન પાઠવ્યા છે.

### બાયડના અલવા ખાતે કેમિકલ ડંમ્પીગ પ્લાન્ટ મંજૂરી સામે

# ખેડૂતોની સૂત્રોચ્ચાર કરી આત્મવિલોપનની ચીમકી

બાયડ, તા. ૩૦

બાયડના અલવા ખાતે કેમિકલ ફેકટરીમાં એન.એ.માં હેતૂફેર કર્યાબાદ આ મામલે અલવા સહિતના આસપાસના ૧૫ જેટલા ગામોએ જીલ્લા કલેક્ટરને આવેદન પત્ર આપી વિરોધ નોંધાવ્યો હતો. રાતોરાત હેતુફેરની મંજુરી આપી દેતા સમગ્ર મામલે ખેડૂતોએ આંદોલન ચીમકી પણ ઉચ્ચાંરી હતી. ત્યારે પ્લાન્ટના નિર્માણથી ખેડૂતોનું હિત



જોખમાતા તેમજ એન.એ. ની મંજૂરીમાં નિયમો વિરૂદ્ધ હુકમ કરી દેતા વહીવટીતંત્ર હરકતમાં આવ્યુ હતું, પરંતુ હેતુફેર મુજબ ક્વોરીનાં બદલે કેમિકલ ફેકટરીના પ્લાન્ટને મંજૂરી આપી દીધી હોવાના આક્ષેપ સાથે ખેડૂતો મોટા પ્રમાણમાં ભેગા થઈ સૂત્રોચ્ચાર કરી કેમિકલ પ્લાન્ટ બનશે તો સામુહિક આત્મવિલોપનની ચીમકી ઉચ્ચારી હતી.

અલવા ગામનાં જાગૃત ખેડૂતોના જણાવ્યા અનુસાર બાયડના અલવા ખાતે સર્વે નં. ૧૨૫/૨ વાળી જમીનમાં કેમિકલ ફેકટરીની ડમ્પીન્ગ સાઈટ બનાવવા માટે વેચાણ રાખનાર શખ્સો દ્વારા એન.એ.ની ફાઈલ સંબંધિત વિભાગમાં મુકવામાં આવી હતી. પરંતું પ્લાન્ટ માલિકોએ એન.એ.ની મજૂરી માટે આસપાસના ખેડૂતોના ઉધોગ નિર્માણ માટેનાં એન.ઓ.સી. મેળવ્યા વગર ૧૪ સપ્ટેમ્બરના રોજ ઉપરોક્ત સર્વે નં.ની જમીનમાં ઈફલુએન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (વેસ્ટ કેમિકલ સ્ટોરેજ પ્લાન્ટ) બનાવવાનો હુકમ જારી કરી નાખ્યો હતો. સર્વે નં.ની જમીન વેચાણ આપનાર ખેડૂતે આ સર્વે નં.ની કાચી નોંધમાં પ્લાન્ટ માટે એન.એ.નો હુકમ થયા અંગેનું ધ્યાને આવતાં સમગ્ર મામલે ગેરરીતિઓ આચરઈ હોવાનું સામે આવ્યુ હતુ. ત્યારબાદ વિવાદિત જમીનના એન.એ. બાબતે અલવા સહીતના અન્ય ગામોના ખેડુતોએ ઉગ્ર વિરોધ દર્શાવ્યો હતો. તેમજ પ્લાન્ટને કારણે આસપાસના ૧૫ જેટલા ગામોના ખેડૂતોએ પણ પ્લાન્ટ નિર્માણ માટે આપેલી મંજુરી મામલે કલેક્ટરને આવેદન પત્ર પાઠવી વિરોધ નોધાવ્યો હતો. તેમજ ખેડૂતોએ વહીવટીતંત્ર સમક્ષ આંદોલનની ચીમકી ઉચ્ચાર્યા બાદ વહીવટીતંત્ર હરકતમાં આવ્યુ હતુ. સ્થાનિક ખેડૂતોના જણાવ્યા અનુસાર એન.એ. વાળી વિવાદિત જમીનમાં આસપાસનાં ખેડૂતોના નીવેદન લેવા બાયડ તાલુકાના ટીડીઓ તાત્કાલિક અલવા ખાતે આવી પહોંચ્યા હતાં. તેમજ ખેડૂતોના નિવેદન લઈ તેને આધારે રીપોર્ટ ઉચ્ચ કક્ષાએ મોકલી આપવા ખેડૂતોને જણાવ્યું હતુ. પરંતુ ખેડૂતોને ક્વોરીનાં બદલે કેમિકલ પ્લાન્ટની મંજૂરી જવાબદાર તંત્ર દ્વારા આપવામાં આવી હોવાની માહિતી પ્રાપ્ત થતા મોટી સંખ્યામાં ખેડૂતો કેમિકલ પ્લાન્ટની જમીન પહોંચી સૂત્રોચ્ચાર કરી વિરોધ નોંધાવ્યો હતો અને ક્વોરીનાં બદલે કેમિકલ પ્લાન્ટનું નિર્માણ થશે તો સામુહિક આત્મવિલોપનની ચીમકી ઉચ્ચારી હતી.

# પ્રાંતિજ નગરપાલિકાએ લારી-પાથરણાવાળું દબાણ દુર કર્યું

### ...તો વેપારીઓ ઉપર દયાભાવ : સામાન્ય સભાબાદ પાલિકામાં હોબાળો




પ્રાંતિજ તા.૩૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પાલિકા દ્વારા નાટયકમત દબાણ હટાવ્યુ તો સામાન્ય સભાબાદ પાલિકા પ્રમુખ ની ઓફિસ માં દબાણ મામલે વિપક્ષ અને સત્તાધિસ વચ્ચે હોબાળા સાથે તુ... તુ.... મે... મે...

પ્રાંતિજ ખાતે પાલિકા દ્વારા દબાણ દુર કરવામાં આવ્યું હતું તો નાટયમત રીતે દબાણ દુર કરતાં લોકમુખે ચર્ચાઓએ જોર પકડયું હતું અને તો પાલિકા દ્વારા દર વખત ની જેમ માત્ર લારી પાથરણા વાળાઓને દુર કરવામાં આવ્યાં હતાં તો લોકમુખે પાલિકા દ્વારા મોટા વેપારીઓને સાચવતા હોવાનું આક્ષેપ થયાં હતાં તો વિપક્ષ દ્વારા યોજાયેલ સામાન્ય સભાબાદ પાલિકા પ્રમુખ ની કેબીનમાં જઈ ને દબાણ મુદે હોબાળો કર્યો હતો તો સત્તાપક્ષ અને વિપક્ષ વચ્ચે તુ.. તુ.. મે... મે... યુધ્ધ જામ્યું હતું તો વિપક્ષ અને સત્તાપક્ષો વચ્ચે શાબ્દિક યુદ્ધ જામ્યું હતું અને આક્ષેપ પ્રતિ આક્ષેપ થયાં હતાં તો હાલતો પ્રાંતિજ નો વિકાસ કેટલો ઝડપી થઈ રહ્યો છે તે એક પછી એક સામાન્ય સભાબાદ ભુસ્કે ને કુદકે દેખાઈ આવે છે ત્યારે હવે જોવાનું એ રહ્યું કે ખરેખર દબાણ દુર થશે એ તો હવે જોવું રહ્યું.

# ખોખરા-અમદાવાદ બસ શરૂ નહી કરાયા તો આંદોલનની ચિમકી

### દિવાળીના તહેવારોમાં વધુ બસો દોડાવવી જોઈએ

હિંમતનગર, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાના પછાત એવા વિજયનગર તાલુકાના ખોખરાથી અમદાવાદ જતી બસને અધિકારીઓએ મનમાની કરીને શરૂ ન કરી. આ વિસ્તારની પ્રજા સાથે થઈ રહેલા અન્યાયના વિરોધમાં તા. ૩-૧૧-૨૦૧૮ના રોજ બસ રોકો આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે. જેથી હિંમતનગર એસ.ટી. વિભાગના અધિકારીઓએ સત્વરે ખોખરા-અમદાવાદ બસ શરૂ કરવી જોઈએ.

આ અંગે આ વિસ્તારના અગ્રણી ઈશ્વરભાઈ પટેલ તથા અન્ય લોકોના જણાવાયા મુજબ વર્ષોથી વિજયનગર તાલુકાના ખોખરા, પરવઠ, આંતરસુંબા સહીતના અન્ય ગામડાઓમાં રહેતા લોકો અમદાવાદ સહીત રાજ્યના અન્ય શહેરોમાં નોકરી ધંધો કરતા હોવાથી તેઓ અવારનવાર વતનમાં આવે છે. આ વિસ્તારના લોકો માટે અવરજવર કરવા અમદાવાદ-ખોખરા બસ ખુબજ અનુકૂળ રહે છે.

બીજી તરફ એસ.ટી. નિગમના સત્તાવાળાઓએ બહાના બતાવીને આ બસને ઘણા સમયથી બંધ કરી દીધી છે. જે અંગે આ વિસ્તારના લોકોએ નિગમના ઉચ્ચ અધિકારીઓ સમક્ષ અનેક રજુઆતો કરી હતી. ત્યારબાદ આ બસ શરૂ કરવા માટે હિંમતનગર એસ.ટી. વિભાગીય નિયામક આદેશ કરાયા હોવા છતાં ગમે તે કારણસર આ રૂટની બસ શરૂ કરાઈ નથી. નિગમના સત્તાવાળાઓ દ્વારા દિવાળીના તહેવારોમાં અન્ય રૂટો પર વધુ બસો દોડાવવાની જાહેરાત કરી રહ્યા છે ત્યારે વિજયનગર તાલુકાની પ્રજાની માંગણી અવગણવામાં આવી રહી હોવાથી તેના વિરોધમાં દિવાળીના તહેવારો ટાણે વિજયનગરથી આવતી બસો તા. ૩ નવેમ્બરથી રોકી લઈ આંદોલન કરવામાં આવશે.

# દેના બેન્ક દ્વારા એકતા દિવસની ઉજવણી કરાશે

મહેસાણા, તા. ૩૦

સરદાર વલ્લભભાઈ પટેલના જન્મ દિવસે નિમિત્તે ૩૧ ઓક્ટોબર ૨૦૧૮ના રોજ દેનાબેન્ક દ્વારા નાણાંકીય સાક્ષરતા શિબિર અને માનવ શ્રુંખલાનું આયોજન રાખવામાં આવેલ છે. દેના બેન્કના પ્રધાન કાર્યાલય મુંબઈથી કર્નમ શેખ (મેનેજીંગ ડાઈરેકટર અને સી.ઇ.ઓ આવનાર છે. સવારે ૧૧-૩૦ કલાકે નાણાંકીય સાક્ષરતા શિબિર સહિતના તબક્કાવાર કાર્યક્રમ યોજાવાનો છે. કાર્યક્રમ ઝોનલ ઓફિસ, બીજો માળ, રાધનપુર રોડ મહેસાણા ખાતે યોજાવાનો છે તેમ ઝોનલ મેનેજર મહેસાણાની અખબારી યાદીમાં જણાવાયું છે.

### પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત

# આયુષ્યમાન ગોલ્ડન કાર્ડનો સી.એસ.સી. મહેસાણામાં શુભારંભ



મહેસાણા, તા. ૩૦

મહેસાણા ભારત સરકારની નેશનલ હેલ્થ એજન્સીં દ્વારા બહાર પાડવામાં આવેલ આયુષ્યમાન ભારત (પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના) અંતર્ગત કડી તાલુકાના ધરમપુર ગામેથી લાભાર્થીઓને ગોલ્ડન કાર્ડ કાઢી આપવાની કામગીરી સી.એસ.સી. ઈ-ગવર્નર્સ ધવારા હાથ ધરવામાં આવી. સી.એસ.સી. વિ.એલ.ઈ. ધરમપુર તથા સરકારી અનાજ વિતરણ દુકાનદાર વિપુલભાઈને ત્યાં મહેસાણા જિલ્લાનું સી.એસ.સી. દ્વારા પ્રથમ ગોલ્ડન કાર્ડ વિતરણ કરવામાં આવ્યું. આ પ્રોગ્રામમાં ડી.એસ.ઓ. હેડ કલાર્ક એન.આઈ. લખતરીયા, નાયબ મામલતદાર પુરવઠા મંજિલભાઈ તથા સી.એસ.સી. જિલ્લા મેનેજર આશિષ બારોટ ઉપસ્થિત રહયા હતા. આ યોજના અંતર્ગત આયુષ્યમાન ગોલ્ડન કાર્ડ ધારકને રૂપિયા ૫ લાખ સુધીનું વળતર મળવા પાત્ર છે. હવેથી મહેસાણા જિલ્લાના તમામ કોમન સર્વીસ સેન્ટર પરથી આ કાર્ડ મેળવી શકાશે. જેનું તમામ કોઓર્ડિનેટર સીએસસી જિલ્લા મેનેજર આશિષભાઈ તથા ચિરાગભાઈ કરશે.

# સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિ નિમિત્તે મહેસાણા જિલ્લામાં વિવિધ કાર્યક્રમો

મહેસાણા, તા. ૩૦

સરદાર વલ્લભભાઈ પટેલ સાહેબની જન્મ જયંત નિમિત્તે મહેસાણા જિલ્લામાં ૩૧ ઓક્ટોબર બુધવારે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. ૩૧ ઓક્ટોબરને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ભારત સરકાર દ્વારા ઉજવવાનું નક્કી કરાયું છે. જેમાં જિલ્લા મથકેથી સમાજના તમામ વર્ગોને આવરી લઈને રન ફોર યુનીટીના કાર્યક્રમનું આયોજન કરાયું છે.

આ ઉપરાંત સાંજે માર્ચ પાસ્ટનું આયોજન કરાયું છે. બુધવારે સવારે ૬-૩૦ કલાકે દુધસાગર ડેરીની સામે, સર્વિસ રોડ, સહયોગ પાર્લરની આગળ મહેસાણાથી રન ફોર યુનીટી કાર્યક્રમ યોજાશે. જે સરદાર વલ્લભભાઈ પટેલના બાવલાના સ્થળે મોઢેરા ચાર રસ્તા મહેસાણા સુધી યોજાશે. આ ઉપરાંત સાંજે ૧૬-૦૦ કલાકે પોલીસ પરેડ ગ્રાઉન્ડથી તોરણવાળી માતાના ચોક સુધી પોલીસ બેન્ડ સાથે માર્ચ પાસ્ટનું આયોજન કરાયું છે.

# અરવલ્લી જીલ્લામાં અધધ ૧૧૦થી વધુ શંકાસ્પદ કેસ આરોગ્ય વિભાગના ચોપડે નોંધાયા

### ૪૫ ડેન્ગ્યુ પોઝેટીવ : મોડાસા નગરપાલિકા ચીફ ઓફિસર પણ શંકાસ્પદ ડેન્ગ્યુની ઝપેટમાં



મોડાસા, તા. ૩૦

અરવલ્લી જીલ્લાના પ્રજાજનો મિશ્ર ઋતુમાં બીમારીમાં સતત પટકાતા ઘેર ઘેર માંદગીના ખાટલા મંડાયા છે. અરવલ્લી જીલ્લાના પ્રજાજનો સ્વાઈન ફલુ, ડેન્ગ્યુ, મેલેરિયા સહીત વાઈરલ બીમારીના અજગરી ભરડામાં સપડાતા વાઈરલ અને મચ્છરજન્ય બીમારીમાં જીલ્લા આરોગ્યતંત્રની ઘોર બેદરકારી બહાર આવી રહી છે. જીલ્લામાં સર્વેની કામગીરી કાગળ પર હોય તેવો અહેસાસ જીલ્લાના પ્રજાજનો અહેસાસ અનુભવી રહ્યા છે. મોડાસા નગરપાલિકાના ચીફ ઓફિસર પણ ડેન્ગ્યુની ઝપેટમાં સપડાતા હાલ ઘરે તબીબી દેખરેખ હેઠળ સારવાર લઈ રહ્યા હોવાની માહિતી નગરપાલિકાના સૂત્રો પાસેથી પ્રાપ્ત થઈ હતી.

અરવલ્લી જીલ્લા સહીત મોડાસા શહેરમાં ઝીકા વાઈરસના ડર વચ્ચે ડેન્ગ્યુ, મલેરિયા, સ્વાઈન ફલુ સહીત તાવ, શરદી, ખાંસી અને ટાઈફોઈડ સહિતની બીમારીઓમાં સપડાતા પ્રજાજનોમાં હાહાકાર મચ્યો છે. દિવાળી પર્વના થોડા દિવસો અગાઉ અરવલ્લી જીલ્લાના પ્રજાજનો જીલ્લામાં ઘર ઘર સુધી પ્રસરેલી બીમારીથી તોબા પોકારી ઉઠ્યા છે. બીજી બાજુ જીલ્લા આરોગ્ય વિભાગના અધિકારીઓ, તબીબો અને કર્મચારીઓ દેખાવ પૂરતી કામગીરી કરતા હોવાની અનેક બૂમો ઉઠી રહી છે.

મોડાસા નગરપાલિકાના ચીફ ઓફિસર પ્રણવ પારેખ ખુદ ડેન્ગ્યુનો ભોગ બનતા હાલ રજા પર ઉતરી ગયા છે. છેલ્લા ૨૫ દિવસમાં ડેન્ગ્યુના કુલ ૧૫૮ શંકાસ્પદ કેસ નોંધાયા હતા જેમાં ડેન્ગ્યુના ૪૫ પોઝીટીવ અને ૧૧૦ શંકાસ્પદ કેસ પરીક્ષણ અર્થે મોકલવામાં આવ્યા હોવાનું અને મેલેરિયા ૮૩ શંકાસ્પદ અને ૫ કેસ પોઝીટીવ મળી આવ્યા છે. જીલ્લામાં સ્વાઈન ફલુમાં ૩ લોકોનો ભોગ લેવાયો છે. હાલમાં જીલ્લામાં સ્વાઈન ફલુના ૫૮ શંકાસ્પદ અને ૨૮ પોઝીટીવ કેસ નોંધાયા હોવાની માહિતી આરોગ્ય વિભાગના સૂત્રો પાસેથી માહિતી પ્રાપ્ત થતા જીલ્લાના આરોગ્ય વિભાગના અધિકારીઓ અને તબીબો સામે તેમની કામગીરી અંગે અનેક પ્રશ્નો ઉઠી રહ્યા છે.

# હિંમતનગરની મહિલાને ત્રાસ અપાતા ત્રણ સામે ફરીયાદ

હિંમતનગર, તા. ૩૦

હિંમતનગરના મહેતાપુરા વિસ્તારમાં રહેતી એક યુવતીને તેણીના સાસરીયા દ્વારા રશિયા ખાતે ડોકટરનું ભણવા માટે પિયરમાંથી માતા-પિતા પાસેથી પૈસા લઈ આવવા માટે શારીરિક અને માનસિક ત્રાસ આપી મારઝુડ કરી યુવતીના પિતાને ધમકી આપ્યાની ફરીયાદ રવિવારે હિંમતનગર મહીલા પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે મહેતાપુરમાં રહેતી જીનલબેન રાજેન્દ્રકુમાર ચૌહાણના લગ્ન પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના ધારાપુર ગામના હેમરાજસિંહ પિયુષસિંહ સોલંકી સાથે કરાયા બાદ આઠ માસથી તેણીના સસરા પિયુષસિંહ કુંદનસિંહ સોલંકી તથા સાસુ વિલાસબેન સોલંકી દ્વારા જીનલબેનના પતિ હેમરાજસિંહનો રશિયા ખાતે ડોક્ટરનું ભણવા માટે રૂ. ૫૦ લાખનો ખર્ચ કર્યો હોઈ તે પૈસા જીનલબેનને તેના માતા-પિતા પાસેથી લઈ આવવા માટે અવારનવાર દબાણ કરવામાં આવતું હતું.

એટલું જ નહી પણ સાસરીયાઓએ જીનલબેનને ભણવાનું છોડાવી દઈ શારીરિક અને માનસિક ત્રાસ આપી ગાળો બોલી મારઝુડ કરવામાં આવતી હતી. તથા સાસરીયાઓ દ્વારા જીનલબેનના પિતાને ધમકી અપાતા આખરે જીનલબેને રવિવારે પતિ, સાસુ અને સસરા વિરૂદ્ધ હિંમતનગર મહીલા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

# સરદાર સાહેબ સદીઓ સુધી જીવંત રહેશે

### ઈતિહાસે કરેલા અન્યાયની ત્રુટિ દૂર કરવાનો સફળ પ્રયત્ન

સરદાર વલ્લભભાઈ પટેલ, એક એવુ નામ જેનો ઉચ્ચાર થતા જ રોમ-રોમમાં ચેતના પ્રસરી જાય, એક એવુ મહાન વ્યક્તિત્વ જેમની હાજરી માત્રથી આસપાસનું સમગ્ર વાતાવરણ ઉર્જાવાન બની જાય, એક એવું પવિત્ર ચારિત્ર્ય જેઓના તેજોમય પ્રભાવથી તેમના સંપર્કમાં આવતા કરોડો લોકોના હૃદય-મન પર રાષ્ટ્રભક્તિની એક અમીટ છાપ અંકિત થઈ જાય, તેવા નખશીખ સદ્‌ગુણી નરરત્ન જ્યારે આપણા ભારતના મહાન સપૂત હોય અને તેમાં પણ ગરવી ગુજરાતના ગૌરવવંતા પનોતાપુત્ર હોય ત્યારે તેમની વિરાટ પ્રતિભાને શબ્દોમાં કંડારવાનો સફળ પ્રયાસ મારી કલમ કઈ રીતે કરી શકે ? આમ છતાં ૩૧મી ઓકટોબરે ગુજરાતમાં સરદાર સરોવર ડેમના સ્થળે તેમની જન્મજયંતિના અપૂર્વ અવસરે સરદાર વલ્લભભાઈ પટેલની આ વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા રાષ્ટ્રને અર્પણ કરીને 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' દ્વારા તેઓને ભવ્યાતિભવ્ય આદરાંજલિ અર્પવાનું વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું સ્વપ્ન સાકાર થઈ રહ્યું છે, ત્યારે બે શબ્દો લખીને પણ ભાવવિભોર થઈ જવાય તે સ્વાભાવિક છે.

સરદાર સાહેબ વિષે અઢળક લખાયુ છે છતાં હંમેશા તેમાં કંઈક અધૂરપ જણાઈ છે. તેમના પર લખાયેલા ૪૦ જેટલા જીવનચરિત્રોમાં પણ લેખકો અને ઈતિહાસકારોના નિષ્ઠાવાન પ્રયત્નો છતાં તેઓની સર્વતોમુખી પ્રતિભાને સંપૂર્ણતઃ ન્યાય થઈ શક્યો હશે કે કેમ તે અંગે શંકા રહે છે. ઈતિહાસમાં એવા અનેક કોયડાઓ આજે પણ વણઉકેલ્યા રહ્યા છે, જેના માટે લોકહૃદયમાં એક સર્વસામાન્ય વેદનાસભર લાગણી એવી ઉદ્‌ભવે છે કે સ્વતંત્રતાની ચળવળ બાદ દેશના પ્રથમ વડાપ્રધાન જો સરદાર પટેલને બનાવાયા હોત તો આજે ભારતની સ્થિતિ ઘણી બહેતર હોત. મને લાગે છે કે લોકમનની આ વાતમાં ઘણુ તથ્ય રહેલુ છે.

સરદાર સારેબ સ્વયં એક તેજપૂંજ હતા. તેઓ જ્યાં જાય ત્યાંથી તમામ પ્રકારની નિરાશા કે નકારાત્મક પરિબળોરૂપી અંધકાર અદ્રશ્ય થઈ જાય તેવી તેમની મેધાવી શક્તિ હતી. તેઓ કોઈના થકી નહોતા બલ્કે તેમના થકી અનેકો હતા, તેનો ઈતિહાસ



સાક્ષી છે. મહાત્મા ગાંધી અને જવાહર લાલ નહેરુ સહિતના અનેક આગેવાનો સરદારની નેતૃત્વ ક્ષમતાથી પરિચિત હતા. એટલું જ નહીં, કેટલીક વિશિષ્ટ શક્તિઓ માત્ર સરદાર પટેલ પાસે જ છે તેવું પણ સમજતા હતા.

આ તબક્કે મને સરદાર સાહેબ જે પળે આ ફાની દુનિયા છોડી ગયેલા ત્યારનું ઈતિહાસનું પ્રકરણ યાદ આવે છે, જે અંગે રાજમોહન ગાંધીએ લખેલું છે કે, જ્યારે નહેરુ અને રાજાજી દિલ્હીથી વિમાનમાં આવ્યા હતા. રાષ્ટ્રપતિ તરીકે રાજેન્દ્ર પ્રસાદે દિલ્હીમાં જ રહેવુ જોઈએ, તેવી નહેરુની સલાહની અવગણના કરીને પણ રાજેન્દ્ર પ્રસાદ મુંબઈ આવ્યા હતા. આ ત્રણેય મહાનુભાવો ખુલ્લે મોંએ રડી રહ્યા હતા. ચિતા પાસે રાજેન્દ્ર પ્રસાદ અને રાજાજીએ સરદારને નિવાપાંજલી આપી હતી. રાજેન્દ્રપ્રસાદે ત્યારે કહેલું, 'સરદારનો નશ્વરદેહ ભસ્મીભૂત થઈ રહ્યો છે, પણ આ દુનિયાનો કોઈ અગ્નિ તેમની કિર્તીને ભસ્મસાત કરી શકશે નહીં. આપણે તેમને માટે નહી પણ આપણા પોતાના માટે શોક કરી રહ્યા છીએ.' રાજાજીએ ત્યારે કહેલું કે 'કોઈ અદ્‌ભુત પ્રેરણા, આત્મવિશ્વાસ અને તાકાત વલ્લભભાઈના રૂપે સાકાર દેહમાં અવતર્યા હતા. તેમના જેવું બીજુ વ્યક્તિત્વ આપણને જોવા મળે તેમ નથી.

# (વાહનોની હરાજી બાબત)

આથી રસ ધરાવતા વ્યક્તિઓને જણાવવામાં આવે છે કે, નીચે દર્શાવેલ વાહનો આર.ટી.ઓ. ગાંધીનગર દ્વારા મુંબઈ મોટર વ્હિકલ એક્ટ-૧૯૫૮ની જોગવાઈના ભંગ બદલ જપ્ત કરેલ છે. તે વાહનો જેમ છે, જ્યાં છે, અને જે છે તે (as is where is basis and as is what is basis) રીતે હરાજી કરવાના હોય, તો ઠરાવેલ શરતોએ ટુ બીડ સીસ્ટમ (કોમર્શીયલ બીડ તથા પ્રાઈઝ બીડ)થી ટેન્ડર અલગ-અલગ સિલબંધ કવરમાં રજી.એ.ડી./ સ્પીડ પોસ્ટથી મંગાવવામાં આવે છે.

કચેરીના ચાલુ કામકાજના દિવસો દરમિયાન તારીખ ૩૦/૧૦/૧૮ થી તા. ૨/૧૧/૨૦૧૮ સુધીમાં સવારે ૧૧.૦૦ થી ૧૫.૦૦ કલાક દરમિયાન રૂ. ૫૦૦-૦૦ રોકડા અત્રેથી કચેરીની ડી.એ. શાખામાંથી જ મેળવી શકાશે. તેમજ ઓરિજનલ ટેન્ડર ફોર્મ ભરીને પરત કરવાની છેલ્લી તા. ૩/૧૧/૨૦૧૮ના ૧૭.૦૦ કલાક સુધીમાં અત્રેના સરનામે પહોંચતા કરવાના રહેશે. સૌપ્રથમ સિલબંધ કોમર્શિયલ બીડ સક્ષમ અધિકારીની હાજરીમાં તા. ૫/૧૧૨૦૧૮ના ૧૨.૦૦ કલાકે ખોલવામાં આવશે. જેમાં ટેન્ડર ભરનાર વ્યક્તિ, પેઢીના પ્રતિનિધિ ઓથોરીટી લેટર સાથે હાજર રહી શકાશે. બિડરો દ્વારા દરેક વાહન સામે દર્શાવેલ ભાવની ચકાસણી કરતા વાહનની વધુ કિંમત ઉપજવાની શક્યતાઓ જણાય તો તુરત જ રજૂ થયેલ બીડરો વચ્ચે હરાજીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

વાહનનું નિરીક્ષણ તારીખ ૩/૧૧/૨૦૧૮ સુધીમાં કચેરીના કામકાજના દિવસો દરમિયાનના કલાકના સમયગાળામાં થઈ શકશે.

| ક્રમ | વાહન નંબર | વાહનનો પ્રકાર | વાહન બનાવનાર કંપનીનું નામ અને ઉત્પાદનનું વર્ષ | વાહન માલીકનું નામ | અપસેટ પ્રાઈજ | અનામતની રકમ |
|---|---|---|---|---|---|---|
| ૧ | GJ 02 T - 3611 | પી. બસ | અશોક લેલન્ડ-૧૯૯૧ | શ્રી સરકાર | ૧,૪૦,૦૦૦ | ૧૪,૦૦૦ |
| ૨ | GJ 18 X-2226 | પી. બસ | અશોક લેલન્ડ-૨૦૦૬ | શ્રી સરકાર | ૧,૮૦,૦૦૦ | ૧૮,૦૦૦ |
| ૩ | GJ 01 AZ-9955 | પી. બસ | ટાટા-૨૦૦૪ | શ્રી સરકાર | ૧,૨૦,૦૦૦ | ૧૨,૦૦૦ |
| ૪ | MH 19 Y-5352 | પી. બસ | અશોક લેલન્ડ | શ્રી સરકાર | ૧,૪૦,૦૦૦ | ૧૪,૦૦૦ |
| ૫ | GJ 03 W-9855 | પી. બસ | અશોક લેલન્ડ-૨૦૦૪ | શ્રી સરકાર | ૧,૭૦,૦૦૦ | ૧૭,૦૦૦ |

કોઈપણ ટેન્ડર કે ટેન્ડરો કોઈપણ કારણ દર્શાવ્યા વિના અંશતઃ કે સંપૂર્ણ રદ કરવાનો અધિકાર સહા. પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, ગાંધીનગરનો રહેશે.

**સ્થળ : ગાંધીનગર**
**તા. ૨૯/૧૦/૨૦૧૮**

**સહી/-**
**સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી**
**ગાંધીનગર**